

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સેના ને કહે કરો ચોરી, અમે ચર્ચા કર્યા કરશું !*
*ખૂલ્લો છે બાપનો બગીચો, અમે મોજે ફર્યા કરશું*
*ફર્યા કરશું નિશ્ચિંત બોડી બામણીના ખેતરે -*
*લડાવી પડોશીને અમે - ત્રભાણું ભર્યા કરશું !*
*(ચીનાઈ - ચાલબાજી)*

હાઈકુ

*મન મનાવી -*
*ચીનાઈ દાદાગીરી -*
*કરો સહન!!*

*ગૃહમંત્રીશ્રી -*
*અહિંસાના પૂજારી !?*
*જય જિતેન્દ્ર...*

### ચિંતન

**માનુષ જન્મ દુર્લભ હૈ, મિલે ન દુજી ભાર;**
**પક્કા ફૂલ જો ગિરા પડા, બહરિ ન લાગે ડર**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

સદ્‌ગુરુ શ્રી માનવ જનમનું મૂલ્ય સમજાવતા ફળનું દૃષ્ટાંત આપી કહે છે કે જેવી રીતે કેરી વગેરે ફળો પાકાં થતાં વૃક્ષ પરથી નીચે પડી જાય પછી એ જ સમયે પાછાં ફરી ડાળી પર નથી લાગતાં લાગે છે કયારે કે જયારે બીજે વર્ષે તેની ઋતુ આવે. તેવી જ રીતે પ્રારબ્ધ પ્રમાણે આયુષ્યની મુદ્દત પૂરી થતાં મનુષ્ય દેહમાંથી પ્રાણ છૂટી જાય છે ત્યારે તે જ સમયે ફરી તે માનવ દેહ મળતો નથી. એ તો ફરી જયારે કર્મોના ફળરુપે બીજા પુણ્યોનો ઉદય થાય ત્યારે અને તો જ મળે છે.

### સુવિચાર

- અમીર બનને કે લીએ 'બ્રાન્ડ બનો' Brands કા કસ્મટર નહીં - **પીટર ડ્રક્સ**
- સુખ અને દુઃખનો કોઈ ભાસ ન હોય, જો સંતોષ પાસ હોય - **હબીબ અલી**
- જયાં સુધી વિશ્વાસ ને ઠોકર નથી લાગતી
  ત્યાં સુધી પોતાની પસંદગી ઉપર બધાને ગર્વ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- નિર્ણય શક્તિ વારસામાં નથી મળતી, પરિસ્થિતિમાંથી કેળવાઈને આવે છે - **હીના કુલાલ**
- માયાળુ જગત ઈચ્છો છો ? જાતે માયાળુ થાવ,
  શાંત જગત ઈચ્છો છો? જાત સાથે શાંતિ સાધો - **ડેવિડ શીન**
- કમ્યુનિકેશનમાં સૌથી મહત્વની બાબત એ છે કે જે નથી કહેવાયું, તે સાંભળવું - **વેન ડાયર**
- આજનું ઔષધ : સફેદ કાંદાને બારીક સમારી, ત્રણ ચાર વાર ગરમ પાણીમાં ધોઈ, તેને સમપ્રમાણ મલાઈવાળા દહીં સાથે ચાર ચમચી ખાવાથી ઝાડામાં પડતું લોહી બંધ થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈન્દ્રદેવ ખેડૂતોથી કોઈ કારણસર નારાજ થઈ ગયા. અને જાહેરમાં કહ્યું કે આવતા બાર વર્ષ સુધી વરસાદ થશે નહીં, તમે કોઈ ખેતી કરી શકશો નહીં. ખેડૂતોએ ખૂબ પ્રાર્થના કરી ત્યારે ઈન્દ્રદેવે કહ્યું, 'જો ભોળનાથ ડમરું વગાડશે તો વરસાદથશે.' અને ખાનગીમાં ઈન્દ્રએ શિવજીને બાર વર્ષ સુધી ડમરું ન વગાડવા મનાવી લીધા. ખેડૂતો ભોળાનાથ પાસે ગયા. શિવજીએ કહ્યું, 'હું બાર વર્ષે જ ડમરું વગાડીશ.' ખેડૂતો પાસે કોઈ વિકલ્પ જ ન હતો. આ ખેડૂતો માનો એક તોયે રોજ ખેતરમાં જતો, મહેનત કરતો. બીજા ખેડૂતો એ એને મનાવ્યો પણ પેલો ખેડૂત રોજ ખેતીનું કામ ચાલુ રાખતો. તેણે કહ્યું, 'હું જાણું છું કે પાક ઉગવાનો નથી પરંતુ જો હું નવરો બેઠો આરામ કરીશ તો હું ખેતી ભૂલી જઈશ. અત્યારે આળસ કરીશ તો બાર વર્ષ પછી મારી પાસે એટલી શકતી નહીં હોય કે હું પાક ઉગાડી શકું. આથી હું તો મહેનત કર્યા જ કરીશ. આમ કરતાં બે વર્ષ વિતી ગયા.' આ ખેડૂતની દલીલ માતા પાર્વતી એ સાંભળીને ભોળાનાથ પાસે આ મહેનતુ ખેડૂતના વખાણ કર્યા. અને કહ્યું, બાર વર્ષ પછી તો તમે પણ ડમરું વગાડવાનું ભૂલી જશો ભોળાનાથ. માતા પાર્વતીની વાત સાંભળી શિવજીએ ડમરું વાગડતાં કહ્યું, 'જુઓ, હું ડમરું વગાડવાનું ભૂલ્યો નથી.' ડમરું વાગ્યું અને બીજા જ વર્ષે વરસાદ પડવા લાગ્યો. 'જે ખેડૂતો બે વરસ મહેનત કર્યા વિના બેસી રહ્યા હતા. તેમને નિરાશ થઈ અને પેલો ખેડૂત બે વર્ષ ખેતીમાં લાગેલો રહ્યો હતો એના ખેતરમાં લીલોછમ્મ પાક ઊગ્યો.' સાર એ જ કે સતત પુનરાવર્તન કરવાથી જ તમે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી શકો છો સતત પ્રયત્નશીલ રહેવું એ ગુણવત્તાયુક્ત જીવનનો મૂળમંત્ર છે.

# ગુજરાતની સંસ્કૃતિ અજર-અમર છે

**તંત્રીસ્થાનેથી...**

રામચંદ્ર ગુહા વિશ્વવિખ્યાત ઈતિહાસકાર છે અને કયારેક ઈતિહાસનાં અજાણ્યાં તથ્યો ઉજાગર કરી બૌદ્ધિકોનું ધ્યાન ખેંચે છે ત્યારે વિવાદમાં પણ સપડાતા રહ્યા છે. સરકાર વિરુદ્ધ હિંમતપૂર્વક બાથોડિયાં ભરવા ટેવાયેલા હોઈ હરહંમેશ લાઈમલાઈટમાં રહે છે. ગુજરાત અને બંગાળની તુલના કરતા એક સામ્યવાદી વિચારકના જૂનાપુરાણા નિવેદનને ટાંકીને એમણે ગુજરાતીઓને છંછેડ્યા છે. સ્પ્રાટ અંગ્રેજ હતા પણ ભારતીય જીવનશૈલી અપનાવી ભારતીય મહિલા સાથે પરણીને ભારતમાં વસી ગયા હતા. સામ્યવાદી વિચારસરણી ધરાવતા પ્રખર વિચારક પણ અંગ્રેજ સરકારે અન્ય કેટલાકની સાથે ખટલો પણ ચલાવ્યો હતો. આવા માણસોને પણ કોઈ કોઈ વાર બિનજરૂરી વાંધાજનક લખાણો લખવાની ચાનક ચડતી હોય છે. ૧૯૩૯માં પ્રકાશિત એક લખાણમાં એમણે ગુજરાત અને બંગાળની તુલનાત્મક સમીક્ષા કરતાં લખ્યું છે કે ગુજરાત આર્થિક રીતે સમૃદ્ધ પણ સાંસ્કૃતિક સંદર્ભે પછાત છે જયારે બંગાળ આર્થિક રીતે ભલે કંગાળ રહ્યું પરંતુ સાંસ્કૃતિક ક્ષેત્રે સમૃદ્ધ છે. સપ્રાટનું આ એકયાશી વર્ષ જૂનું વિધાન ટાંકીને ઈતિહાસકાર ગુહાએ બિનજરૂરી વિવાદ છેડ્યો છે. ગુજરાતની અસ્મિતા પર આંગળી ચીંધામણું થતું જોઈ ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ મોરચો સંભાળ્યો અને શાલીન ભાષામાં ટ્વિટર પર સણસણતો પ્રતિસાદ પાઠવ્યો. ગુજરાતને એની આગવી સાંસ્કૃતિક વિરાસત છે. બંગાળ બૌદ્ધિકો પૈદા કરનારી ભૂમિ છે એથી એની સરખામણીએ ગુજરાતને સાંસ્કૃતિક ક્ષેત્રે પછાત ગણવામાં ઔચિત્ય નથી. મહાજન પરંપરાને કારણે ગુજરાતની આર્થિક સમૃદ્ધિનો અહેસાસ તો દિલ્હીના અકબાર બાદશાહથી લઈ શાંતિનિકેતનના અધિષ્ઠાતા રવીન્દ્રનાથ ટાગોર સુધીની વિભૂતિઓને થયેલો છે. સ્વામી વિવેકાનંદ લીંબડીના મહારાજાની મદદ વગર અમેરિકા જઈ જ ન શક્યા હોત. પરંતુ આ આર્થિક સમૃદ્ધિ જેટલું જ ગુજરાતનું સાંસ્કૃતિક પાસું પણ મજબૂત રહ્યું છે. ગુજરાતે ભગવાન કૃષ્ણને આશ્રય આપ્યો છે, મીરાં મેવાડ છોડીને દ્વારકામાં વસ્યાં છે. ગુજરાત પાસે ગ્રંથની ગરિમાનો અનન્ય ઈતિહાસ છે. પાટણપતિ સિદ્ધરાજ જયસિંહે હેમચંદ્રાચાર્યના વ્યાકરણગ્રંથ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'ને હાથીની અંબાડી પર આરૂઢ કરી એની નગરયાત્રા કાઢી હતી અને પોતે જૈનાચાર્યની સાથે પગપાળા પાટણના રાજમાર્ગો પર ફર્યા હતા. વિશ્વના ઈતિહાસમાં શોધી ન જડે એવી આ સાંસ્કૃતિક ઘટના છે. દયાનંદ સરસ્વતી જેવા ક્રાન્તદૃષ્ટા સંત ગુજરાતનું ફરજંદ હતા. વીસમી સદીના સૌથી મહાન વિશ્વનાયક તરીકે મહાત્મા ગાંધીનું નામ સર્વસ્વીકૃત છે. એ ફક્ત રાજનેતા નહોતા, પ્રખર વિચારક હતા. પ્રયોગવીર હતા. બંગાલના શ્રેષ્ઠ સર્જકોની પંગતમાં બેસી શકે એવા ગોવર્ધનરામ ત્રિપાઠી, કનૈયાલાલ મુનશી, પન્નાલાલ પટેલ, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોશી અને સુન્દરમ્‌ની આ ભૂમિ છે. નરસિંહ મહેતાની તુલનામાં ભાગ્યે જ કોઈ બંગાળી સંત કવિ ટકી શકે. કબીરની કક્ષાના આ અલગારી કવિની આધ્યાત્મિક કવિતાને ટાગોર પણ નથી આંબી શક્યા. ગુજરાતને સાંસ્કૃતિક ક્ષેત્રે પછાત ગણનારાને કયાં ખબર છે કે ચીની મુસાફર હ્યુ એન સંગ ખાસ ચાહીને ગુજરાતની સાંસ્કૃતિક નગરી વડનગરની મુલાકાતે આવ્યો હતો અને રોકાયો પણ હતો ! ગુહાએ વળતા પ્રતિસાદ પછી હાથ ખંખેરી દીધા છે : આ હું નથી કહેતો, જે કહી ગયો છે એને સંભળાવો ! ભલા ભાઈ, તો પછી એને ટાંકીને નાહક મધપૂડો શું કામ છંછેડી બેઠા છો? રામને ભારત બહાર, યવન વિશ્વમાં અને અત્રતત્ર સર્વત્ર ખભે ઊંચકીને વાલ્મિકી કે તુલસીદાસ તો લઈ જઈ શકે એમ હતા નહીં. એ કામ પણ એક ગરવા ગુજરાતી સંતકથાકારે કરી બતાવ્યું, ગુજરાતને સાંસ્કૃતિક ક્ષેત્રે પછાત કહેનારાઓની દયા જ આવે કે બીજું કાંઈ ?

## જીસ જૂઠ સે કિસીકા ઘર બસતા હો, વો જૂઠ જૂઠ નહીં હોતા



**વિચારયાત્રા**
**ડાયલોગથી દેવભાષા**

**જીસ જૂઠ સે કિસીકા ઘર બસતા હો, વો જૂઠ જૂઠ નહીં હોતા.**

**- હાઉસફૂલ**

**નોંધ:** જૂન ૨૦૧૮થી શરૂ થયેલી 'ડાયલોગથી દેવભાષા'ને આજે બે વર્ષ પૂર્ણ થઈ ગયા છે. અને આ લેખમાળામાં આવતાં લેખોની સદી થઈ ચૂકી છે, ૧૪ વર્ષથી ચાલતી આવતી 'વિચારયાત્રા'ની જેમ આપ વાચકોએ આ કોલમને પણ વધાવી લીધી છે. તેમારા ઉત્સાહને પોષે છે. હંમેશની જેમ આ કોલમના નવા વિચારને પણ હરખભેર અપનાવી લેનાર કૃષ્ણકાંત જહા સાહેબને વંદન.

૨૦૧૦માં રીલીઝ થયેલી 'હાઉસફૂલ' ફિલ્મ આ સીરીઝની સૌથી પહેલી ફિલ્મ હતી, ત્યારબાદ તેની બીજી ત્રણ સીક્વલ આવી ચૂકી છે. સાજીદ નડીયાદવાલા નિર્દેશિત અને સાજીદ ખાન દિગ્દર્શિત આ ફિલ્મ ૧૯૯૮માં આવેલી એક તમિલ ફિલ્મ 'કથાલા કથાલા' પરથી પ્રેરિત હતી.અ તમિલ ફિલ્મમાં પ્રભુદેવા, કમલ હસન, રંભા અને સૌન્દર્યા જેવા કલાકારો હતા. અને હાઉસફૂલ-૧ માં અક્ષય કુમાર, દિપીકા પાદુકોણે, રીતેશ દેશમુખ, જીઆ ખાન, અર્જુન રામપાલ જેવા કલાકારો હતા. આ ફિલ્મના સંવાદ અન્વિત દત્તે લખ્યા છે.

ફિલ્મમાં આ સંવાદ દિપીકા પાદુકોણે બોલે છે. આમ તો આ પ્રકારના સંવાદ ઘણી જગ્યાએ આ અગાઉ પણ આવી ચૂક્યો છે. અને સ્વયં શ્રી કૃષ્ણએ મહાભારતના યુદ્ધમાં યુધિષ્ઠિરને અશ્વત્થામાના વિષયમાં જયારે જુઠ્ઠુ બોલવાનો વારો આવે છે, ત્યારે આ વાત સમજાવી હતી. જ્યાં જો કોઈ નિર્દોષનું ભલું થતું હોય તો અસત્યનો આશરો લેવામાં કશું ખોટું નથી.

આવા જ પ્રકારનો એક શ્લોક પદ્મપુરાણમાં સષ્ટખંડમાં જોવા મળે છે.

**ઉક્ત્વાનૃતં ભવેદ્યત્ર પ્રાણિનાં પ્રાણરક્ષણમ ।**
**અનૃતં તત્ર સત્યં સ્યાત સ્સત્યમપ્યનૃતં ભવેત ॥**

અસત્ય બોલવાથી જ્યાં પ્રાણીઓની પ્રાણરક્ષા થઈ સકતી હોય ત્યાં અસત્ય પણ સત્ય થાય અને સત્ય પણ અસત્ય હોવું જોઈએ.

મહર્ષિ વેદવ્યાસ રચિત ૧૮ પુરાણમાં આ 'પદ્મપુરાણ'નો ક્રમ બીજો માનવામાં આવે છે. આ પુરાણમાં છ વિભાગ છે. સૃષ્ટિ ખંડ, ભૂમિ ખંડ, સ્વર્ગ ખંડ, બ્રહ્મ ખંડ, પાતાલ ખંડ અને ઉત્તર ખંડ.

તેમાંથી ચૌખમ્ભા સંપાદિત પદ્મપુરાણના સૃષ્ટિખંડમાં ૮૬ અધ્યાય અને ૧૨,૦૭૨ શ્લોક છે. મુખ્યત્વે આ ખંડમાં ભીષ્મએ પુલત્સ્યને સૃષ્ટિની ઉત્પત્તિ વિશે પ્રશ્નો પૂછ્યાં છે.

**- jayuoza@gmail.com, Mo.9898046488**

## રવિવારે 'વિશ્વ ફાધર્સ ડે' અનુલક્ષીને વેબીનાર



**સાહિત્ય વૃત્ત**
**મૂળજીભાઈ પરમાર 'દધિ'**

'વૃત્તસંચય'

● ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા દર માસના બીજા રવિવારે યોજાતી 'શબદની સુરાવલી મહેફિલ' અંતર્ગત, 'વિશ્વ ફાધર્સ ડે'નેઅનુલક્ષીને, 'પ્રિય પપ્પા....મહેફિલ' તા. ૧૪મી જૂન ૨૦૨૦ ને રવિવારના રોજ, સાંજના ૫-૩૦ વાગ્યે, વેબિનાર દ્વારા વૉટ્સએપ પર યોજાશે,જેમાં સાહિત્ય સર્જકો પપ્પાને લાડ કરશે. જેમાં, હાલમાં જેઓને 'કાવ્યમુદ્રા યુવા પ્રતિભા ઍવોર્ડ' જાહેર કરવામાં આવ્યો છે એવા કવિશ્રી ભાવેશ ભટ્ટ તથા તરન્નુમના અનોખા મિજાજના કવિ પ્રતાપસિંહ ડાભી મુખ્ય કવિ રહેશે. મહેફિલનું સંચાલન આકાશવાણીનાં ઉદ્ઘોષિકા નેહલ ગઢવી અને ટેકનિકલ સપોર્ટ ડૉ.દિશા પોપટ કરશે. આ સ્વરચિત રચનાઓની મહેફિલમાં ભાગ લેવા ઈચ્છતા સાહિત્યકારોને, વિષય... પ્રિય પપ્પા... પિતા, પપ્પા... બાપ...' પરની તેઓની,ત્રણ મિનિટની એકજ ગદ્ય કે પદ્ય રચના, ઑડિયો અથવા વિડિઓ દ્વારા, શનિવાર, તા.૧૩-૬-૨૦૨૦ના ૫-૦૦ વાગ્યા સુધીમાં, અધ્યક્ષ સંજય થોરાતના વૉટ્સએપ પર મોકલી આપવા ઉપાધ્યક્ષ કલ્પેશભાઈ પટેલે જણાવ્યું છે.

● ભારતીય દલિત સાહિત્ય અકાદમી,ગુજરાત પ્રદેશદ્વારા તા.૩૧/૫ ના રોજ યોજાયેલ દ્વિતીય ઑનલાઇન ગુજરાતી શીઘ્ર કવિતા સ્પર્ધામાં ૭૦ સ્પર્ધક કવિઓએ ભાગ લીધો હતો,આ અન્વયેનો એક સન્માન સમારોહ તા. ૭-૬-૨૦૨૦ના રોજ યોજાઈ ગયો; જેમાં ક્ર.૧ થી૧૧ ના વિજેતાઓને નિર્ણાયકો દ્વારા,અને ૮(આઠ) નિર્ણાયકોને તથા મહેમાનોને વિશિષ્ટ પ્રમાણપત્રોથી અધ્યક્ષશ્રી જયવંતસિંહ જાડેજા, મહેમાનો સર્વશ્રી લાલદાસબાપુ(જોધલપીર વંશજ,કેશરડી),દેવેન વર્મા,આઈ.સી.ડાભી વિગેરે દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.સ્પર્ધામાં ભાગ લેનાર કવિઓને પણ સન્માનપત્રો અર્પણ કરાયાં હતાં. આઈ.સી.ડાભીને 'સાહિત્ય સાધક રાષ્ટ્રીય સેવા સન્માનપત્ર' થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

- muljibhaidadhi@gmail.com, (M) 9824236893

# ઐતિહાસિક રશિયન ક્રાંતિ અને ટ્રોટસ્કી



**ક્ષણના ચણીબોર**
**વી. એસ. ગઢવી**

રશિયાની ક્રાંતિની વાત ઝાર નિકોલસ તેમજ તેની પત્ની ઝારીનાની વાત સિવાય શરૂ થઈ શકે નહિ. શાસક જ્યારે સંવેદનશીલ ન હોવા છતાં અતિ મહત્વાકાંશી હોય અને નાના એવા વિરોધને પણ સહન કરી શકે તેમ ન હોય ત્યારે તેનું પરિણામ ઝાર અને ઝરીનાએ ભોગવ્યું હોય તેવું ગમે તે કાળમાં આવી શકે છે. આપણો દેશ આઝાદ થયો તેના ત્રણ દસકા પૂર્વે ૧૯૧૭ માં રશિયાના પણ અનેક નાના તથા સામાન્ય માણસોએ ઝારની સત્તાને ઉથલાવી. પંડિત જવાહરલાલ નહેરુ લખે છે તેમ આ મહેલોની ક્રાંતિ ન હતી. ટોચના આગેવાનોએ આ ક્રાંતિને પૂર્ણતઃ દોરી ન હતી. આ ક્રાંતિ સમાજના છેક નીચેના થરમાંથી, અતિશય પીડિત મજૂરવર્ગમાંથી ઝારનો કોળિયો કરી જવા વ્યાપક રીતે પ્રગટી હતી. પીડિતો અને શોષિતોને સદાકાળ દબાવી શકાતા નથી. ભૂખ્યાજનોનો જઠરાગ્નિ ભલભલા શાસનને ધ્વસ્ત કરી શકે છે. રશિયાની જનસામાન્યની ક્રાંતિનો આ સંદેશ છે. મેઘાણીભાઈએ જનજનની શક્તિને બિરદાવતા લખ્યું છે :

રશિયાની આ જનક્રાંતિ સાથે ઝાર ઉપરાંત જે ત્રણ નામોનો ઉલ્લેખ અનિવાર્ય છે તે લેનિન તેમજ ટ્રોટસ્કી તથા સ્ટાલિન છે. લેનિન – ટ્રોટસ્કીની વિશાળ તેમજ સર્વ સમાવેશક દ્રષ્ટિને સ્ટાલિને કેવી વિકૃત કરી તેની વાત જગતના ઈતિહાસમાં મહત્વના સ્થાને છે. અનાજનો દુષ્કાળ તેમજ અનાજ મેળવવા માટેના હુલ્લડોમાંથી રશિયત ક્રાંતિનો જન્મ થયો. મજૂરોના સામુહિક નેતૃત્વમાં આગળ વધેલી આ ક્રાંતિ તે રીતે વિશિષ્ટ હતી. મજૂરોને દોરી શકે તેવા કોઈ મોટા ગજાના નેતાઓ ન હતા. લેનિન જેવા નેતાઓ દેશનિકાલ હતા અને કેટલાક જેલમાં હતા. પેટ ભરી શકાય તેટલી રોટીની માગણીસાથે સુતરાઉ મિલોમાં મજૂરી કરતી મહિલા કામદારો 'આપખુદી મુર્દાબાદ' ના નારા સાથે શેરીઓમાં આવી હતી. ઝારના સૈનિકો પણ હવે આ વિશાળ જનસમૂહ પર ગોળીઓ ચલાવવા માટે ઉત્સુક ન હતા.

રશિયાની ક્રાંતિને દિશા તેમજ દોરવણી આપનાર લીઓ ટ્રોટસ્કિ ૧૮૭૯ માં જન્મીને ૧૯૪૦ માં એક હત્યારાને હાથે મૃત્યુ પામ્યા. તે પોતાના જીવનકાળમાં રશિયા પર એક ઊંડી વૈચારીક છાપ મૂકીને ગયા. ઈંગ્લાંડના વિન્સ્ટન ચર્ચિલની જેમ ટ્રોટસ્કી પણ સમર્થ શબ્દસ્વામી હતા. પુષ્કળ લખતા હતા. રશિયન ક્રાંતિનો ઈતિહાસ લખીને તેઓ એક પ્રખર ઈતિહાસવિદ્ તરીકે પણ પોતાની છાપ મૂકીને ગયા. 'REVOLUTION BETRAYED' નામના સુવિખ્યાત ગ્રંથમાં તેમણે રશિયન ક્રાંતિના ફળ પર હામી થઈ ગયેલા આપખુદ બળોની વાત લખી છે. વિશ્વની અનેક ભાષાઓમાં આ પુસ્તકનો અનુવાદ થયો છે. લોકો માટે જે શાસન પીડાદાયક તથા અતિ કઠોર હતું તેવા ઝારના શાસનને ઉથલાવવામાં લેનિન સાથે ટ્રોટસ્કીનો પણ મહત્વનો ફાળો હતો. રશિયન ક્રાંતિમાં ભાગ લેવા માટે તેમને શાસકો તરફથી દેશનિકાલ કરવામાં આવ્યા હતા. બોલ્શેવિક પાર્ટી તરીકે ઈતિહાસ પ્રસિધ્ધ પાર્ટીને રશિયન ક્રાંતિની સફળતા પછી લોકોની સરકાર રચવાની તક મળી હતી. નવી સરકારના વડા તરીકે પણ ટ્રોટસ્કીનું નામ સૂચવાયું હતું અને લેનિન પણ તેમાં સંમત હતા. પરંતુ ક્રાંતિના એક જનક જેવા આ વીર પુરુષે સરકારના વડા બનવાનું સ્વીકાર્યું નહિ. સોવિયેટના આ નેતાએ લેનિન સાથે રહીને નવી સરકારમાં મહત્વની ફરજો બજાવી. ઝારના સમયમાં અર્થતંત્ર સાથે લશ્કરની સ્થિતિ પણ અતિ નબળી થઈ ગઈ હતી. પરંતુ માત્ર બે ત્રણ વર્ષના ગાળામાં ૫૦ લાખની મજબૂત 'લાલસેના' ઊભી કરવાનું કાર્ય ટ્રોટસ્કીએ કરી બતાવ્યું. ટ્રોટસ્કીનું વ્યક્તિત્વ તેમજ તેમની વાણી દેશના લોકો તેમજ લશ્કરી દળો માટે ચેતના પૂરનારા હતા. સરકારનું નેતૃત્વ કરતા લેનિને ભવિષ્યનો વિચાર કરીને ટ્રોટસ્કીને પોતાના અનુગામી તરીકે જાહેર કરવા પત્ર લખ્યો હતો. સ્ટાલિનની કાર્યપધ્ધતિથી નારાજ થયેલા લેનિન સ્ટાલિનને પક્ષના મહામંત્રી પદેથી દૂર પણ કરવા માટે લખ્યું હતું. પરંતુ સ્ટાલિને લેનિન તેમજ ટ્રોટસ્કીની ઈચ્છા વિરૂધ્ધ રશિયન રાજકાજમાં પોતાનું વિરાટ બળ સ્થાપિત કર્યું. એક વિચારક તેમજ આદર્શવાદી ટ્રોટસ્કી સ્ટાલિન સામે કોઈ પડકાર ઊભો ન કરી શક્યા. જ્યારે ટ્રોટસ્કીને ફરી દેશનિકાલ કરવામાં આવ્યા ત્યારે કોઈએ સ્ટાલિનની આ જોહુકમીને પડકાર ન કર્યો. સ્ટાલિનની યોજના મુજબ ૧૯૨૮ માં ટ્રોટસ્કી પોતાનાજ દેશમાં પોતાની સરકારના આદેશથી દેશવટો ભોગવવા નીકળવાના હતા. જો કે રેલ્વે સ્ટેશને એકઠી થયેલી ભીડ તેમને જતા રોકવા માંગતી હતી. અસંખ્ય લોકો રેલ્વે ટ્રેક પર બેસી પોતાને સાચી દોરવણી આપનાર નેતાને રોકતી હતી. સ્ટાલિનના ચબરાક અને એકહથ્થું શાસને ગણતરીપૂર્વક તે વિદાયને મુલતવી રાખી. પરંતુ પછીના દિવસે ટ્રોટસ્કીને જબજસ્તી ઉઠાવીને કુટુંબ સાથે પોલીસની ગાડીમાં બેસાડીને સોવિયેતના આ દિગ્ગજ નેતાને દેશનિકાલ માટે ચીનની સરહદે આવેલા કોઈ અજ્ઞાત સ્થળે મૂકી આવે છે. ટ્રોટસ્કીને દેશવટો મળ્યા પછી રશિયા ઉપર સ્ટાલિનની સત્તાનો લોખંડી પડદો પડી ગયો. તમામ પ્રકારના વિરોધને સખત હાથે દબાવી દેવામાં આવ્યા. સ્ટાલિનની નજરમાં આવેલા કોઈ વિરોધી હવે બચી શકે તેમ ન હતા. લેનિન તથા ટ્રોટસ્કીના પુણ્ય જાણે પરવારી ગયા હતા. અગિયાર વર્ષ સુધી દેશવટો ભોગવનાર માર્ક્સ તેમજ એંજલ્સના વિચારોનો આ ખરો પ્રતિનિધિ પોતાના અભ્યાસખંડમાંજ સ્ટાલિનની ગોઠવણ મુજબ હત્યારાના હાથે જગતમાંથી વિદાય થયો. ટ્રોટસ્કીએ લખેલો એક ફકરો તેની વૈચારીક સમૃધ્ધિ પ્રગટ કરે છે :

"મારા જીવનમાં સફળતા તેમજ નિષ્ફળતાઓની ખોટ નથી પણ એ અનુભવોએ માનવજાતના ઉજળા ભાવિમાં રહેલી મારી શ્રધ્ધાને નષ્ટ કરી નથી. ઉલટું એ અનુભવોએ એને અવિનાશી રૂપ આપ્યું છે. ૧૮ વર્ષની ઉમ્મરે કામદારોના નિવાસમાં હું જે તર્કશક્તિ, સત્ય તથા માનવએકતામાં શ્રધ્ધા સાથે ગયો હતો તે શ્રધ્ધા મેં જીવનભર પૂરેપૂરી જાળવી રાખી છે. તેમાં પરિપક્વતા વધી છે. પરંતુ ઉત્કટતા ઘટી નથી. "

# બિમાર બાપુને શ્રમ ના કરાવાતા નારાજ થયા



**ગાંધી ૧૦૦**
**ડો. રાજેન્દ્ર જાની**

કોરોના મહામારી દરમિયાન લોકડાઉનની કુટુંબની શ્રમ વિભાજન વ્યવસ્થામાં ખાસો બદલાવ આવ્યો હતો. ઘરમાં સૌથી વધુ કામ કરતી (ઢસરડો) મહિલાને બાળકો અને પતિ ઘરકામમાં મદદરુપ બન્યા હતા એવી કહાની ઘર ઘરની છે, આ તો ખૂબ સારી વાત થઈ કહેવાય. સામાન્ય દિવસોમાં ઘરની મહિલાને આવી મદદ મળતી ન હતી. પણ જો આપણે સમાનતામાં માનતા હોઈએ તો આ વ્યવસ્થા કાયમી બનવી જોઈએ. તો જ સાચી સમાનતા આપણે આણી શકીશું. જયાં સુધી સમાનતા ઘરમાંથી - કુટુંબમાંથી આપણે ઉપજાવી શકીશું નહીં ત્યાં સુધી સમાનતા આપણે પામી શકીશું નહીં, એ આપણે સમજવું જોઈએ.

લોકડાઉનના દિવસોમાં ઘરના જુદા જુદા કામો પુરુષોએ સ્વીકારી લીધા એ કદાચ સમયનો તકાદો હતો પણ વ્યવસ્થા ચાલુ રહે તો આનંદની વાત છે. કોઈ કામ નાનું કે મોટું હોતું નથી એ આપણને ગાંધીની જીવનમાંથી શીખવા જેવું છે. ગાંધી મહાત્મા સામાન્ય રીતે જે કામ નોકરોમાં લેખાય છે. એવો કામો કરવામાં પણ નાનપ અનુભવતા નહીં. આશ્રમ જીવનમાં આવા તો અનેક કામો તેઓ જાતે જ કરતાં હતા. ગાંધીજી વકીલાત કરતા હતા ત્યારે સારું કમાતા હોવા છતાં પણ દરરોજ સવારે ઘઉં દળવાનું કામ કરતા હતા. કસ્તૂરબા અને તેમના બાળકો ગાંધીને દળવાના કાર્યમાં સહાયક બનતા હતા અને દળવામાં પણ તેઓ એવી ચીવટ રાખતા કે રોટલી માટે ઝીણો લોટ અને પાઉં રોટી માટેનો જાડો લોટ સરળતાથી મળી રહે. દક્ષિણ આફ્રિકાના કુટુંબજીવનની આ કામગીરી તેમને સાબરમતી આશ્રમમાં પણ ચાલુ રાખી હતી. દળવાનું કામ તો તેઓ સંભાળતા જ હતા પણ ઘંટીના પત્થરાનું સમારકામ પણ તેઓ જ કરતા હતા. આશ્રમમાં એક સમયે તેમના સાથીઓ સાથે કોઈ મહત્ત્વની ચર્ચા કરી રહ્યા હતા. ત્યારે તેમના કાને વાત પડી કે 'આશ્રમમાં લોટ ખૂટી જવા આવ્યો છે.' તો આ પોતડી વાળા મહારાજ તરત ઊઠી ગયા અને લોટ દળવાના કામમાં લાગી ગયા. કહેવાની જરૂર ખરી કે તેમની સાથી મિટીંગ દળવાના કાર્ય સાથે થઈ હતી !

**'જયાં સુધી કોઈ પણ કામ કરવા શરીર શ્રમ હોય તો જાતે જ કામ કરાય'**

બહારથી કોઈ મહેમાન આવ્યા હોય તો પણ તેઓ મહેનતનું કામ હોય તો પણ કામ કરવામાં શરમ અનુભવતા ન હતા. તેમને મળવા આવતા કેટલાંય લોકોએ ગાંધીને અનાજ વીણવાના કામમાં તલ્લીન જોયેલા હતા. પોતાને તો કોઈ પણ કામ કરવામાં શરમ ન હતી પરંતુ ઘમાને જે પોતાની જાત ઉપર અભિમાન હોય અને અમુક કામો પોતે ના કરી શકે એવી શેખી હોય તો એને દૂર કરવાનો પ્રયાસ તેઓ પ્રયોગરુપે કરવાનું ચૂકતા ન હતા. આવો એક પ્રસંગ છે. ગાંધીને એક યુવાન મળવા આવ્યો હતો. એને પોતાના અંગ્રેજી જ્ઞાન ઉપર ગુમાન હતું. થોડી વાતચીત પછી તેણે કહ્યું : 'બાપુ મારા લાયક કંઈ કામકાજ હોય તો જણાવો.' તેને તેમ હતું કે મને લખવા વાંચવાનું કામ સોંપાશે. પણ બાપુ એ પારખી ગયા એટલે કહ્યું, 'ઠીક છે. જો તમારી પાસે અત્યારે સમય હોય તો આટલી થાળી ઘણું વીણી આપો.' પેલો યુવાનની હાલત તો સાપે છછૂંદર ગળ્યા જેવી થઈ હતી. એક કલાક સુધી કમને પણ ઘઉં વીણવાનું કામ કરીને તેણે રજા લીધી.

આશ્રમમાં સવારની પ્રાર્થના પછી તેઓ રસોડામાં શાકભાજી સમારવાનું કામ કરતા હતા. આશ્રમના રસોડા, કોઠાર રુમ કે કોઈ પણ જગ્યાએ જાળાં-બાવા પાડવાનું કામ પણ તેઓ કરતા હતા. અને જમતા પહેલાં તેઓ આશ્રમવાસીઓને જમવાનું પીરસવાનું કામ પણ કરતા હતા. દક્ષિણ આફ્રિકાની જેલ હોય કે હિંદુસ્તાનની જેલમાં તેઓ જયારે કેદ હોય ત્યારે પણ તેઓ પીરસવાનું કામ અચૂક પણે કરતા હતા. આશ્રમની જેમ તેઓ જેલમાં પણ જાતે જ વાસણ જાતે જ માંજતા હતા. અને વાસણ ચકચકતા થાય નહીં તો તેઓ નારાજ પણ થતા હતા. જેલમાં તેમના સાથી કેદીઓને લોખંડના વાસણો પણ કેવી રીતે ચકચકિત બનાવી શકાય એનો દાખલો કાળા મેશ તપેલાને સાફ કરીને બતાવતા હતા.

એક વાર એક મહેમાન આશ્રમમાં આવ્યા હતા. નવા મહેમાને સવારે તેમની પથારી વાળી લીધી. પણ એ કયાં મૂકવી એની ખબર ન હોવાથી તે અંગે પૂછવા ગયા હતા. તેઓ જયારે પાછા ફર્યા ત્યારે તેમને જોયું તો ગાંધીજી તેમની પથારી ખભે મૂકીને લઈ જતા હતા.

આશ્રમમાં પીવાનું અને અન્ય વપરાશનું પાણી આશ્રમ બહાર આવેલા કૂવામાંથી સિંચવું પડતું હતું. એક વખત ગાંધીજીની તબિયત સારી ન હતી છતાં તેમણે ઘંટી ચલાવીને અનાજ તો દળવું હતું. આશ્રમના સાથી કાર્યકર મિત્રની ઈચ્છા ગાંધીજીની તબિયત સારી ના હોઈ વધુ શરીરશ્રમ ના કરે તેવી હતી. આથી તેમને બહારના કૂવેથી પાણી ભરવાના કામમાં લાગેલા આશ્રમવાસીઓ પાસે થોડો શ્રમ વધારે લઈને આશ્રમના નાના-મોટા તમામ પાણીના પાત્રો ભરી લીધા હતા. ગાંધીજીને આ વાત ગમી નહીં આથી સાથી કાર્યકરને કોઈ ઠપકો આપ્યા વગર તેમણે એક બાળકનું પાણીનું માથે મૂકીને પાણી લઈને આશ્રમમાં આવ્યા હતા. 'જયાં સુધી કોઈ પણ કામને શારીરિક રીતે કરી શકવાનું શક્ય ન હોય ત્યાં સુધી કોઈ પણ રોજિંદુ કામ ન કરવું.'- એ બાપુને પસંદ ન હતું. જો આપણે પણ આ રીતે ઘરમાં પસંદગીનું ધોરણ બનાવીએ તો ? સ્ત્રી-પુરુષ સમાનતાની ઘરથી જ શરૂઆત થઈ શકે કે નહીં ? વિચારવા જેવું ખરું ને?